# BCG ચૂંટણીમાં 3 વખત મતદાન અટક્યું, પાંચવાર પોલીસ આવી

**બેલેટ** પેપર ખેંચાયું, બોગસ મતદાનના આક્ષેપ, મતદાન રૂમનો દરવાજો બંધ કરાતા વકીલોએ હોબાળો મચાવ્યો

**સુરતમાં** ૮૫૪૦ પૈકી ૫૧૭૧ વકીલનું ઉત્સાહભેર મતદાન, બે મહિલા સહિત ૨૩ બેઠકના ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ

**૯મી** માર્ચથી મતગણતરી, ૧૦ દિવસથી વધુ સમય સુધી ચાલશે

સુરતઃ સીસીટીવી કેમેરાની બાજનજર અને પોલીસ બંદોબસ્ત વચ્ચે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત (BCG)ની પ્રતિષ્ઠિત ચૂંટણી માટે આજે સુરત સહિત રાજ્યભરમાં ભારે ઉત્સાહ વચ્ચે મતદાન સંપન્ન થયું હતું. આજે સુરત કોર્ટ બિલ્ડિંગમાં સવારે દસ વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો હતો અને સાંજે છ વાગ્યા સુધીમાં કુલ ૮૫૪૦ પૈકી ૫૧૭૧ મતદારે મતદાન કર્યું હતું. છેલ્લા એક માસથી ચાલી રહેલા પ્રચાર-પ્રસાર વચ્ચે નાસ્તા-પાર્ટીનું જોર પણ જોવા મળ્યું હતું. આજના મતદાનમાં ખાસ ઓબ્ઝર્વરની ટીમ સુરત કોર્ટ કેમ્પસમાં આવી હતી. સુરતનાં ૧૧ ઉમેદવાર ઝકી શેખ, હિતેશ પટેલ, ભાવેશ રબારી, ટર્મિશ કણિયા, વિરાજ સુર્વે, બળવંત સુરતી, આશિષ જાગાણી ,હરેશ નાકરાણી, નસીમ કાદરી, જ્યારે મહિલા અનામત બેઠક માટે પાનવાલા હિરલ, પ્રીતિબેન જોશીનું ભાવિ મતપેટીમાં સીલ કરીને બીસીજીની ચૂંટણી ટીમ મતપેટીઓ લઈને અમદાવાદ રવાનાં થઈ હતી. તમામ જિલ્લાની મતપેટીઓ એક સ્થળે સ્ટ્રોંગ રુમમાં મુકી દેવાયાં બાદ આગામી ૯-૩-૨૬ના રોજ સોમવારથી મતગણના શરૂ થશે. આ મત ગણતરી ૧૦ દિવસથી વધુ સમય સુધી ચાલશે.



## ઉમેદવારોએ મતપેટી પર પોતાનાં તાળાં મારવાની જીદ કરતાં હોબાળો

બીસીજી ચૂંટણીનાં સુરતનાં મુખ્ય ચૂંટણી અધિકારી મહેશ બારૈયાએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે સુરતમાં બોગસ મતદાન કરાવવા માટે ખૂબ જ દબાણ કરવામાં આવ્યું હતું, પરંતુ અમો વશ થયા ન હતાં. આ સાથે છેલ્લે મતપેટીઓ સીલ કરવા માટે ઉમેદવારોએ પોતાના લોક મારવાની જીદ કરતા ભારે હોબાળો મચ્યો હતો. પરંતુ બીસીજીની ચૂંટણીનાં મુખ્ય ચૂંટણી અધિકારીની સૂચનાથી સરકારી લોક મારીને પોલીસ પ્રોટેક્શન સાથે મતપેટીઓ રવાના કરાઈ હતી. મહેશ બારૈયાએ વધુમાં જણાવ્યું હતું કે મતદાન રુમમાં ઉમેદવારો અને પોલિંગ એજન્ટો સહિતનાએ ભારે અરાજકતા ફેલાવતાં અંદર પાંચ વખત પોલીસ બોલાવવી પડી હતી, તેમજ ત્રણ વખત મતદાન અટકાવવું પડ્યું હતું.

## બીસીજી ચૂંટણીના મતદાનની સાથે-સાથે

- સુરત કોર્ટ બિલ્ડિંગ ખાતે રુમ નં. ૫માં મતદાનનાં પ્રારંભ સાથે ઉમેદવારની મતદાન મથકમાં એન્ટ્રી બાબતે બીસીજી ઓબ્ઝર્વર અને ઉમેદવાર વચ્ચે ચકમક ઝરી હતી. આ અંગે સુરતનાં ચૂંટણી અધિકારી કમલનયન અસારાવાલાએ જણાવ્યું હતું કે નિયમ મુજબ ઉમેદવારોની એન્ટ્રી ન હતી. આ બાબતે ઉમેદવાર ટર્મિશ કણિયાએ જણાવ્યું હતું કે એન્ટ્રી બાબતે સામાન્ય બોલાચાલી થઇ હતી. જો કે છેલ્લે તમામ ઉમેદવારોને મતદાન બુથમાં એન્ટ્રી આપી દેવાઈ હતી.
- ઉમેદવારોના સમર્થકોએ બેનર અને મતદાન કરવાની અપીલના કાર્ડ સાથે વોટ ફોરના નારા લગાડતા કોર્ટ કેમ્પસ ગુંજી ઉઠ્યું હતું. છેલ્લી ઘડી સુધી વકીલો પોતાની તરફેણમાં પ્રથમ પંસદગીનો નંબર આપવા વિનંતી કરતાં નજરે પડ્યા હતાં
- સુરત કોર્ટ બિલ્ડિંગમાં ચૂંટણીનાં માહોલ વચ્ચે ચૂંટણી લડનારા ઉમેદવારોએ મતદાતા વકીલો માટે નાસ્તો-જમવાની વ્યવસ્થાનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.
- વકીલ મતદાર દ્વારા મતદાન કરતી વેળા મોબાઈલ ફોનથી વિડીયો ફોટોગ્રાફી કરતાં ચૂંટણી ફરજ પરનાં અધિકારી દ્વારા અટકાવવામાં આવ્યાં હતા અને એ વકીલ મતદારનો મત રદ કરી મુખ્ય ચૂંટણી અધિકારીને એ વકીલ સામે ફરિયાદ કરવાની નોંધ કરાઈ હતી.
- છેલ્લા એક કલાકમાં ભારે ઉત્તેજના સાથે ધૂમ મતદાન થયું હતું. આઈકાર્ડ વગર બોગસ મતદાન કરાતું હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી.
- ચૂંટણી અધિકારી પાસેથી બેલેટ પેપર પણ ખેંચવાનો પ્રયાસ કરાયો હતો.
- છેલ્લે છેલ્લે મોટી સંખ્યામાં વકીલો મતદાન રુમમાં પ્રવેશી જતાં ભારે શોરબકોર થયો હતો અને ભારે ઉત્તેજના વ્યાપી જતાં ચૂંટણી અધિકારી દ્વારા તમામને બહાર નીકળવા માટે એનાઉન્સ કરવું પડ્યું હતું.
- ભારે અરાજકતાને પગલે ૫.૪૫ કલાકે મતદાન રુમનો દરવાજો બંધ કરી દેવાતાં વકીલોએ હોબાળો મચાવ્યો અને દરવાજાને જોરશોરથી પછાડવામાં આવ્યો હતો.
- છેલ્લે બોગસ મતદાનની અફવાએ જોર પકડતાં બારી વાટે મતદાન રૂમનું મોબાઈલ ફોનથી શુટીંગ કરતા વકીલો નજરે પડતાં હતાં.
- નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પો. કમિ. અનુપમસિંહ ગેહલોત કોર્ટ ખાતે સાંજે છ વાગ્યે આવ્યાં હતાં

# કોર્ટ બિલ્ડિંગ માટે મગદલ્લાની જમીન ફાળવવા સરકારનો ઇશારો

**સુરતના** વકીલોના હિત માટે સરકાર પોઝિટિવ : હર્ષ સંઘવી

સુરતઃ આજે બીસીજીની ચુંટણીનું મતદાન સંપન્ન થયું ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અચાનક સુરત કોર્ટ પરિસરની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે પો.કમિ. અનુપમસિંહ ગેહલોત પણ હતાં. તેઓને મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા, સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ, વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલે આવકાર્યા હતાં. આ પ્રસંગે વકીલોને સંબોધનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે કોર્ટ પરિસરમાં વકીલમિત્રોને મળવાનો અવસર આપવા બદલ બાર કાઉન્સિલનો આભાર માનું છુ. તમારા નાના મોટા પ્રશ્નો છે, જેમાં મુખ્ય પ્રશ્ન છે, જે પ્રશ્નમાં પોઝીટીવ કંઈ રીતે તમારા સૌના હિતમાં નિર્ણય લેવાય તે દિશામાં રાજ્ય સરકાર પોઝીટીવ અભિગમ રાખી સંકલન કરી વહેલી તકે નિણર્ય લેવામાં આવશે. અત્રે નોંધનીય છે કે કોર્ટ બિલ્ડિંગ માટે જીઆવની જગ્યા પછી મગદલ્લા પાસેની જગ્યાની પસંદગી માટે સરકારનો અભિગમ પોઝીટીવ હોવાનો ઈશારો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કર્યો હતો.

આ તબક્કે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વકીલોને વિનંતી કરી હતી કે ગુજરાત પોલીસનો સ્પષ્ટ અભિગમ છે કે પોક્સોનાં કેસોમાં ઝડપથી ગુનેગારને કંઈ રીતે સજા અપાવી શકાય. જેમાં આપ સૌના સહયોગની જરૂર છે. હું એમ નથી કહેતો તમે અસીલનો કેસ ન લડો, પણ ઓછામાં ઓછી તારીખ પાડીને ઝડપથી ગુનેગારોને સજા અપાવવામાં તમારા સહયોગની જરુર છે. આ સહયોગની અપેક્ષા માંત્ર સુરત ગુજરાતની દિકરીને ન્યાય અપાવવા માટે છે. બદલાવ લાવવામા સફળ પણ થયા છે, ગઈકાલે જ સુરતની કોર્ટે ૨૫ દિવસની ચાર્જશીટના સમયમાં આરોપીને આજીવન સજા કરી છે. આવા કેસોમાં દિકરી અને તેનાં પરિવાર પર હમદર્દી રાખીને કાયદાની છટકબારી(એરર)થી આરોપીને બચાવવાને બદલે નિદોર્ષ બાળકી અને પરિવારને ઝડપથી ન્યાય અપાવવા સહયોગ આપો.

# નોર્વે વિઝાની લાલચ આપી પાંચ લાખની છેતરપિંડી

**અમદાવાદના** ઈસમે વિદેશ મોકલવાનું વચન આપી રૂપિયા વસૂલ્યા

સુરતઃ નાના વરાછા વિસ્તારમાં નંદનવન રો-હાઉસમાં રહેતા અને એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા ૨૧ વર્ષીય દિક્ષીત ભરતભાઈ ધામેલીયાએ વિદેશ જવા માટે અમદાવાદમાં રહેતા દિપક ઉપાધ્યાય નો સંપર્ક કર્યો હતો. તેણે નોર્વે દેશનો વીઝા તથા નોકરી કરાવી આપવાની ખાતરી આપી હતી. અને વીઝા પ્રક્રિયા માટે રૂપિયા પાંચ લાખ લીધા હતા. જોકે બાદમાં સમય પસાર થવા છતાં વીઝા અંગે કોઈ કાર્યવાહી ન થતાં દિક્ષીતભાઈને શંકા લાગી હતી. પોતાના રૂપિયા પરત માંગ્યા ત્યારે પણ આરોપીએ ખોટા વાયદાઓ કરી રૂપિયા પરત આપ્યા નહોતા. અંતે પોતે છેતરાયા હોવાની સમજ થતાં દિક્ષીતભાઈએ સમગ્ર મામલે કાપોદ્રા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અમદાવાદના શ્યામલ ક્રોસ રોડ નજીક શિલ્પ જવેરી વિસ્તારમાં રહેતા દિપક ઉપાધ્યાય સામે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.

# આભવા બ્લોસમ હાઈટ્સમાં ઘરઘાટી યુવતીનો આપઘાત

સુરતઃ આભવામાં કાપડ વેપારીના ઘરે મહિના પહેલા જ આવેલી મુંબઈની ઘરઘાટીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. વેસુ-આભવા રોડ પર બ્લોસમ હાઈટ્સમાં રહેતા રજતભાઈ સુધીરભાઈ મહેરા, કડોદરા તાતીથૈયા ખાતે કાપડની ફેક્ટરી ધરાવે છે. તેમની ઘરઘાટી અર્પણા પ્રપુલે લાકરા (23 વર્ષ) સર્વન્ટ રૂમમાં રહેતી હતી. ગુરુવારે સવારે અર્પણાએ રૂમનો દરવાજો બંધ કરી લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# નરાધમે જાહેરમાં બાળકી સામે પેન્ટ ઉતારી દીધું

**બળજબરી** ગુપ્તાંગનો સ્પર્શ કરાવી બાઇક લઇ ભાગી ગયો

સુરતઃ શહેરમાં દીકરીઓ સુરક્ષિત હોવાના દાવાઓ વચ્ચે વેલંજા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે. શ્યામ સોસાયટીની પાછળના રોડ પર સ્કૂલેથી પરત ફરી રહેલી ૧૩ વર્ષની સગીરાને એકલી જોઈ, બાઈક સવાર હવસખોરે હાથ પકડી ખેંચી પેન્ટ ઉતારી ગુપ્તાંગ સ્પર્શ કરાવી બળજબરી કરતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વેલંજામાં રહેતા અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારની ૧૩ વર્ષ ૪ મહિનાની દીકરી ગત ૫/૩/૨૦૨૬ના રોજ બપોરના અરસામાં સ્કૂલેથી ઘરે જઈ રહી હતી. વેલંજા શ્યામ સોસાયટીની પાછળના રોડ પરથી જ્યારે તે એકલી પસાર થઈ રહી હતી, ત્યારે ત્યાં હોન્ડા સાઈન મોટરસાયકલ લઈને ઉભેલા આશરે ૨૫થી ૩૦ વર્ષના એક અજાણ્યા શખ્સે તેને આંતરી હતી. આ નરાધમે માસૂમ બાળકીને એકલી જોઈ તેનો હાથ પકડીને પોતાની તરફ બળજબરીથી ખેંચી હતી. હવસમાં અંધ બનેલા આ શખ્સે જાહેરમાં પોતાનું પેન્ટ ઘુંટણ સુધી ઉતારી દઈ અર્ધનગ્ન હાલતમાં સગીરાને પોતાના ગુપ્તાંગને પકડાવવા મજબૂર કરી હતી. બાળકી કંઈ સમજે તે પહેલાં જ આ શખ્સ જાતીય સતામણી કરી ત્યાંથી નાસી છૂટ્યો હતો.

ભયભીત થયેલી દીકરીએ ઘરે જઈ સમગ્ર આપવીતી જણાવતા પિતાએ પોલીસનું શરણ લેતા પોલીસે અજાણ્યા બાઈક સવાર વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રેલવે સ્ટેશનનું સબરસ ગરનાળું 15 દિવસમાં ખુલ્લું મૂકી દેવાશે

**રેલવે** સ્ટેશન વિસ્તારની ટ્રાફિક સમસ્યા દૂર કરવા મ્યુનિ. કમિશનર મેદાનમાં, અધિકારીઓ સાથે રાઉન્ડ લઈ વિવિધ સૂચનો કર્યાં

સુરતઃ શહેરના વ્યસ્ત ટ્રાફિક ધરાવતા સબરસ હોટલ પાસેનું ગરનાળું, મેટ્રો સ્ટેશન અને રેલવે સ્ટેશનની કામગીરીને કારણે છેલ્લા બે વર્ષથી વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યું હતું. જેના કારણે કામરેજ, સરથાણા, કાપોદ્રા, વરાછા, પુણા અને મોટા વરાછા સહિતના વિસ્તારોમાંથી સ્ટેશન તરફ આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે આ લોકોને ટૂંક સમયમાં રાહત મળવાની શક્યતા ઊભી થઈ છે.

### સ્ટેશન વિસ્તારની સમસ્યા કાબૂમાં લેવા કયાં કયાં પગલાં ભરાશે ?

- સબરસ ગરનાળું આગામી 15 દિવસમાં 20 ફૂટ પહોળાઈ સાથે હંગામી ધોરણે વાહન વ્યવહાર માટે ખુલ્લું મૂકવું
- રેલવે સ્ટેશન બહાર ઉભા રહેતા રિક્ષા સ્ટેન્ડને દિલ્હીગેટ પાસે નવા એસટી સ્ટેન્ડ આગળ ખસેડવું
- સરદાર પટેલની પ્રતિમા પાસે સીટકોની કામગીરી પૂર્ણ થયેલા ભાગમાંથી બેરીકેડિંગ હટાવી રસ્તો ખુલ્લો કરવો
- લાલ દરવાજાથી આયુર્વેદિક કોલેજ સુધી લાઇનદોરીનો ઝડપી અમલ કરી રસ્તાની પહોળાઇ વધારવી
- રેલવે સ્ટેશન આસપાસ ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ બનાવવા પોલીસ અને સંબંધિત વિભાગો વચ્ચે સંકલન વધારવું

આ મુદ્દે આજે મનપા કમિશનર એમ. નાગરાજન, સિટી ઈજનેર ધર્મેશ ભગવાકર સહિત મનપાના ઉચ્ચ અધિકારીઓ, મેટ્રો, સિટકો, ટ્રાફિક પોલીસ અને રેલવે પોલીસના અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મ્યુનિ. કમિશનરે અહીંની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગયાની નોંધ લઈ આગામી 15 દિવસમાં 20 ફૂટ પહોળાઈ સાથે હંગામી ધોરણે સબરસ ગરનાળું વાહન વ્યવહાર માટે ખુલ્લું મૂકવા આદેશ આપ્યો છે.

શહેરના કામરેજ, સરથાણા, વરાછા, કાપોદ્રા, પુણા અને મોટા વરાછા વિસ્તારના લોકો માટે રેલવે સ્ટેશન પહોંચવા ખાંડ બજાર ગરનાળું અને સબરસ ગરનાળું મહત્વપૂર્ણ માર્ગ માનવામાં આવે છે.

# કચરા કૌભાંડી સામે પાલિકા લાચાર

**પાંચમાં** પ્રયત્ને પણ કોઇ એજન્સીએ ટેન્ડર નહીં ભરતા હવે શરતો હળવી કરવા વિચારણા

**ખજોદ** કચરા પ્રોસેસિંગ મુદ્દે મનપા ફિક્સમાં, સીડી ટ્રાન્સપોર્ટનો ઇજારો 10 માસ માટે વધારાયો

સુરતઃ શહેરમાંથી એકત્ર થતો ઘન કચરો ખજોદ ખાતે પ્રોસેસિંગ અને નિકાલ કરવા માટે ઈજારો લેનાર સીડી ટ્રાન્સપોર્ટ એજન્સીની કામગીરીને કારણે સુરત મહાનગરપાલિકાની પ્રતિષ્ઠા પર પ્રશ્નો ઊભા થયા છે. ખજાદ ખાતે કચરાના મોટા ઢગલાઓ થવા તથા કેટલાક કિસ્સામાં કચરો અન્યત્ર ડમ્પ થવાના આક્ષેપો સામે આવ્યા હોવાથી સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત અવ્વલ સ્થાન મેળવનાર સુરતની કામગીરી અંગે સવાલો ઉભા થયા છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને મનપા તંત્ર અને શાસકો દ્વારા લાપરવાહ ગણાતી આ એજન્સીને બ્લેકલિસ્ટ કરીને નવી એજન્સીને કામ સોંપવાની તૈયારી કરવામાં આવી હતી. પરંતુ નવી ટેન્ડર પ્રક્રિયા હોવા છતાં કોઈપણ એજન્સી મનપા સમક્ષ બિડ કરવા આગળ ન આવતાં તંત્ર મુશ્કેલીમાં મુકાયું છે. શહેરમાંથી રોજબરોજ ઉત્પન્ન થતો કચરો પ્રોસેસ કરવા માટે તાત્કાલિક વિકલ્પ ન હોવાથી હાલની એજન્સી પાસેથી જ કામ ચાલુ રાખવું મનપા માટે ફરજિયાત બન્યું છે. આ પરિસ્થિતિમાં આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં સીડી ટ્રાન્સપોર્ટને વધુ 10 માસ અથવા નવી વૈકલ્પિક પ્રોસેસિંગ સુવિધા ઉભી ન થાય ત્યાં સુધી - બેમાંથી જે વહેલું હોય તે સમયગાળા સુધી - ઈજારાની મુદત વધારવાની મંજૂરી આપવામાં આવી છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે સ્થાયી સમિતિના ઠરાવ નં. 1677/2022 મુજબ કુલ કામગીરીના મહત્તમ 30 ટકા એટલે કે 9 લાખ મેટ્રિક ટન મ્યુનિસિપલ સોલિડ વેસ્ટના પ્રોસેસિંગની વધારાની કામગીરી ઈજારદારને સોંપવામાં આવશે. આ કામગીરી મહત્તમ 71.10 કરોડ રૂપિયાની મર્યાદામાં કરાવાશે. તેમણે વધુમાં જણાવ્યું કે 5 જાન્યુઆરી, 2026 પછી ઈજારાની મુદત પૂર્ણ થયા બાદ પણ ઈજારદાર પાસેથી કામગીરી કરાવવામાં આવી રહી છે, પરંતુ તેની કોઇ ચૂકવણી કરવામાં આવી નથી. ઈજારદાર દ્વારા વધારાની કામગીરી માટે તબક્કાવાર ચૂકવણી કરવાની અને ખજાદ ખાતે એકત્ર થયેલા કચરાનો નિકાલ 12 માસમાં પૂર્ણ કરવાની લેખિત બાંહેધરી આપવામાં આવી છે. જો આ બાંહેધરી મુજબ કામગીરી નહીં થાય તો આગામી બે માસમાં ટેકનો-લીગલ કન્સલ્ટન્ટનો અભિપ્રાય મેળવી ઈજારો રદ કરવાની કાર્યવાહી પણ થઈ શકે છે.

બીજી તરફ, નવી એજન્સીઓને આકર્ષવા માટે મનપા દ્વારા ખજાદ ખાતે 1.80 લાખ ચો.મી. વિસ્તારમાં ત્રણ વર્ષ માટે સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે.

ઉંબેર ખાતે આગામી 8થી 10 માસમાં પ્રોસેસિંગ પ્લાન્ટ અને ડિસ્પોઝલ સાઈટ કાર્યરત થવાની સંભાવના હોવા છતાં ખજાદ ખાતે પણ ત્રણ વર્ષ સુધી પ્લાન્ટ ચલાવવા મંજૂરી આપવામાં આવી છે. સાથે જ નવી ટેન્ડર પ્રક્રિયામાં એજન્સીઓ ભાગ લે તે માટે ક્વોલિફિકેશનના માપદંડોમાં પણ છૂટછાટ આપવામાં આવશે.

# તાપીમાં ડૂબી ગયેલા બોર્ડના વિદ્યાર્થીનો બીજા દિવસે મૃતદેહ મળ્યો

સુરત : વેસુ સ્થિત સુમન આવાસમાં રહેતો જયદિપ વિનુ વિરાસ ધૂળેટી રમીને સીમાડા નાકા પાસે આવેલી શક્તિવિજય સોસાયટીમાં તેના માસીના ઘરે ગયો હતો. ત્યાંથી તે માસીના દીકરા નિતીન અને અન્ય એક મિત્ર ક્રિષ્ણા ચૌહાણ સાથે સરથાણા પ્રાણી સંગ્રહાલયની પાછળ તાપી નદીના કિનારે ન્હાવા માટે ગયા હતા. નદીના ઊંડા પાણીનો અંદાજ ન આવતા જયદીપ અને ક્રિષ્ના ડૂબવા લાગ્યા હતા, જ્યારે નીતિનનો આબાદ બચાવ થયો હતો. ઘટનાના દિવસે રાત્રે 8:00 વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડને જયદીપનો મૃતદેહ મળી આવ્યો હતો, પરંતુ ક્રિષ્ના લાપતા હતો. શુક્રવારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો

# સુરતમાં તાપમાન ૩૬.૨ ડિગ્રી નોંધાયું


**૩-૪** દિવસ હવામાન સૂકું અને ગરમ રહેવાની આગાહી

સુરતઃ સુરત શહેરમાં હોળી પછીથી ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન આશરે દોઢ ડિગ્રી જેટલું વધીને ૨૧.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. તાપમાનમાં દિવસ દરમિયાન થોડી રાહત નોંધાઈ હોવા છતાં ગરમીની અસર લોકો અનુભવતા રહ્યા હતા.

આજે શહેરમાં હવામાં આશરે ૩૯ ટકા ભેજ નોંધાયો હતો અને મંદ ગતિએ પવન ફૂંકાતો રહ્યો હતો. ભેજના પ્રમાણ અને વધતા તાપમાનના કારણે દિવસ દરમિયાન ઉકળાટભર્યું વાતાવરણ સર્જાયું હતું. રાત્રિના સમયે પણ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નહોતો. રાત્રે પારો ૨૨ ડિગ્રીની નજીક પહોંચતા શહેરના અનેક વિસ્તારોમાં લોકો માટે એસી અથવા પંખાનો સહારો લેવો ફરજિયાત બન્યો હતો. હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું છે કે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન શહેરમાં હવામાન મુખ્યત્વે સુકું અને ગરમ રહેવાની સંભાવના છે. જેના કારણે દિવસ દરમિયાન ગરમીના આકરા તેવર યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગરમી વધતા શહેરના લોકો ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળતા પહેલાં સાવચેતી રાખે, પૂરતું પાણી પીવે અને તડકામાં લાંબા સમય સુધી રહેવાનું ટાળે તેવી સલાહ પણ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

# વસ્તી ગણતરીમાં ઘરમાં ટોઇલેટ છે કે નહીં તેવું પુછાશે

**અધિકારીઓને** ત્રણ કલાકની તાલીમ આપવામાં આવી



સુરતઃ દેશવ્યાપી વસ્તી ગણતરી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને સુરત શહેર અને જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તેના ભાગરૂપે આજે મામલતદાર, નાયબ મામલતદાર, ચીફ ઓફિસર તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ માટે ત્રણ કલાકની વિશેષ તાલીમ યોજાઈ હતી. આ તાલીમ ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ મારફતે આપવામાં આવી હતી.

જિલ્લા કક્ષાના અધિકારીઓએ સુરત જિલ્લા સેવાસદન ખાતે હાજરી આપી તાલીમ મેળવી હતી, જ્યારે તાલુકા કક્ષાના તમામ અધિકારીઓએ પોતાના તાલુકા કચેરી ખાતે જ આ તાલીમમાં જોડાઈ માર્ગદર્શન મેળવ્યું હતું. આ તાલીમ વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા (ફર્સ્ટ ફેઝ) માટે હતી. પ્રથમ તબક્કામાં ઘરોની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ દરમિયાન દરેક વિસ્તારમાં જઈને ઘર-ઘર માહિતી એકત્રિત કરવામાં આવશે અને તેની ડિજિટલ એન્ટ્રી કરવામાં આવશે. અધિકારીઓને જણાવાયું હતું કે પ્રથમ તબક્કાના ફોર્મમાં કુલ ૩૪ પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ઘરની સ્થિતિ અને જીવનસુવિધાઓ સંબંધિત માહિતી લેવામાં આવશે. તેમાં ઘર કાચું છે કે પાકું, રસોડાની વ્યવસ્થા કેવી છે, ટોયલેટ અને બાથરૂમ છે કે નહીં, પંખા કે એર કન્ડિશનર જેવી સુવિધાઓનો ઉપયોગ થાય છે કે નહીં, તેમજ ઘરમાં ઉપયોગમાં લેવાતી વિવિધ સાધન-સામગ્રી અંગેની માહિતી એકત્રિત કરવામાં આવશે. આ માહિતીના આધારે વિસ્તારવાર ઘરોની વિગતવાર યાદી તૈયાર કરવામાં આવશે. વર્ષ ૨૦૨૭માં વસ્તી ગણતરીની અંતિમ યાદી તૈયાર કરવામાં આવશે.

# પાલ-ઉમરા બ્રિજની ઘટનામાં તબીબને પણ ઈજા પહોંચી

**ઝોકું** આવી જતાં બ્રેકને બદલે એક્સિલેટર દબાવી દીધું હતું

સુરતઃ પાલ-ઉમરા બ્રિજ પર મોડી રાત્રે એક ખાનગી હોસ્પિટલ સાથે જોડાયેલા તબીબની કાર બેકાબૂ બનતા સર્જાયેલા અકસ્માતમાં ટેમ્પો અને ત્રણ બાઈક સહિત ચાર વાહન અડફેટે આવ્યા હતા. ઘટનામાં ડોક્ટર સહિત પાંચ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ પાલ-ઉમરા બ્રિજ પર ગુરુવારની રાત્રે અંદાજે 11 વાગ્યાના અરસામાં હોન્ડા WR-V કાર (નંબર GJ-19-AM-8976)ના ચાલક ડૉ.વિરલકાંત નલિનકાંત ચૌધરી (ઉંમર 39, રહે- ગ્રીન સિટી ગોલ્ડ, ભાઠા ગામ, પાલ) લાંબી સર્જરી પૂર્ણ કરી ઘરે પરત ફરી રહ્યા હતા. બ્રિજ પરથી ઉતરતી વખતે અચાનક તેમને ઝોકું આવી જતા કાર પરનો કાબૂ ગુમાવી બેઠા હતા. ગભરાટની સ્થિતિમાં બ્રેક દબાવવાની જગ્યાએ એક્સિલેટર દબાઈ જતા કાર આગળ જતા વાહનો સાથે ધડાકાભેર અથડાઈ હતી. પરિણામે એક ટેમ્પો અને ત્રણ બાઈકને ટક્કર લાગી હતી. અકસ્માતને કારણે રસ્તા પર થોડીવાર માટે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતા પાલ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે ઘટનામાં કોઈને ગંભીર ઈજા થઈ નથી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અકસ્માત સમયે ડોક્ટર નશાની હાલતમાં નહોતા. તેમ છતાં ખાતરી કરવા માટે તેમનું મેડિકલ પરીક્ષણ પણ કરાવવામાં આવ્યું હતું. હાલ પોલીસે તબીબની અટકાયત કરી તેમની સામે બેદરકારીપૂર્વક વાહન હંકારવાના ગુનામાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ દ્વારા બ્રિજ પર લાગેલા CCTV ફૂટેજ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઉપરાંત અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોના નિવેદન પણ નોંધવામાં આવી રહ્યા છે. જરૂરી હોય તો વધુ તપાસ માટે એફએસએલની મદદ લેવામાં આવશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. ડૉ.વિરલકાંતના જણાવ્યા મુજબ લાંબી સર્જરી બાદ ભારે થાકને કારણે બ્રિજ પરથી ઉતરતી વખતે તેમને અચાનક ઝોકું આવી ગયું હતું. ગભરાટમાં તેમણે બ્રેક દબાવવાની જગ્યાએ એક્સિલિટર દબાવી દીધું હતું,

# તબીબે ધાર્મિક લાગણી દુભાવતો વિડીયો ફરતો કર્યો

**ચોક્કસ** ધર્મના લોકોની લાગણી દુભાય તેવો વિડીયો બનાવનાર ડોક્ટરની ધરપકડ

સુરતઃ શહેરના લિંબાયત વિસ્તારમાં એક ચોક્કસ ધર્મની લાગણી દુભાય તેવો વાંધાજનક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ હતી.

આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી વિડીયો બનાવનારા અડાજણના ડોક્ટર અમિત હસમુખ દેસાઈની ધરપકડ કરી લીધી છે. ડોકટરે વિડીયો વોટ્સએપ સ્ટેટસ પર મૂકી અરાજકતા ફેલાવવા પ્રયત્ન કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં અડાજણમાં રહેતા અને ડિંડોલીમાં ક્લિનિક ચલાવતા ડો. અમિત દેસાઈ નામના વ્યક્તિ દ્વારા ચોક્કસ ધર્મ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવામાં આવી હતી. જે વિડીયો ડોક્ટરે પોતાના વોટ્સએપ સ્ટેટસ પર પણ મૂક્યો હતો. આ વીડિયો પોલીસના ધ્યાને આવતા અને સ્થાનિક આગેવાનો દ્વારા પણ રજૂઆત કરવામાં આવતા લિંબાયત પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

આ ઘટના અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, “આરોપીએ વ્યક્તિગત રીતે આ કૃત્ય આચર્યું છે અને તેને અન્ય કોઈ સામાજિક કે જૂથ સાથે લેવાદેવા નથી. પોલીસે તાત્કાલિક પગલાં ભરીને આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસ આગામી દિવસોમાં ડોકટરની ડિગ્રી બાબતે પણ તપાસ કરશે.